Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૧/૨૯-૨૪ તા.૨૧/૦૧/૨૦૨૧

પરિપત્ર- ૨૩૦૯

સંદર્ભ- નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રીનો તા.૧૯/૦૧/૨૦૨૧નો પત્ર ક્રમાંક:મતય/NVD-2021/વણી/૭૪ થી ૮૨/૨૦૨૧.

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે તા.૨૫/૦૧/૨૦૨૧ના રોજ ચુંટણી પંચના સ્થાપના દિનને **"રાષ્ટ્રીય મતદાતા દિવસ"** તરીકે જાહેર કરેલ છે. જે અન્વયે ૧૧માં રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૧ની ઉજવણી કરવામાં આવનાર છે. જે માટે ખાસ કરીને કોરોના મહામારી દરમિયાન આયોગ દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ ટેકનોલોજીકલ પહેલ **"Technological Initiatives"** ના પ્રચાર-પ્રસાર પર ભાર મુકવામાં આવેલ છે. ઉપરોક્ત કાર્યક્રમમાં તા.૨૫/૦૧/૨૦૨૧ના ૧૧માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી દરમિયાન ચુંટણી પંચથી વર્ચુઅલ કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેમાં આપની સંસ્થા/કોલેજના તમામ કર્મચારીઓ/વિદ્યાર્થીઓ વધુમાં વધુ જોડાય તે મુજબ આયોજન કરવાનું રહેશે. વર્ચુઅલ કાર્યક્રમનો સમય અને લીંક યુનિવર્સિટી દ્વારા ફાળવેલ ઈ-મેઈલ આઈડી પર મોકલવામાં આવશે. જે અંગે વિદિત થશો.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન પંચમહાલ જિલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા અર્થે.

નકલ રવાના-

- નાયબ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરા તરફ જાણ સારૂ
- પી એ ટુ જિલ્લા ચુંટણી અધિકારીશ્રી, પંચમહાલ, ગોધરા તરફ જાણ સારૂ.

**ELECTION IMMEDIATE**

2586

મતદાર સાક્ષરતા ક્લબ

**OFFICE OF THE**
**DISTRICT ELECTION OFFICER &**
**COLLECTOR PANCHMAHAL-GODHRA**
**Jilla Seva Sadan-1, Collector Office Compound,**
**Civil Lines Road, Godhra-389001**

મજબુત લોકશાહી સૌની ભાગીદારી

**Ph. No. 02672-242491**
**Fax No. 02672-240874**

**E-mail:-**
**ec-pan@gujarat.gov.in**
**election.pms@gmail.com**

નં.મતય/**NVD-2021**/વશી/૭૪થી૮૨ /૨૦૨૧ તા.૧૯/૦૧/૨૦૨૧

**પ્રતિ,**

**(૧) રજીસ્ટ્રારશ્રી, શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, ગોધરા**
**(૨) જિલ્લા સ્વીપ નોડલ ઓફિસર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પંચમહાલ ગોધરા.**
**(૩) કમાન્ડીંગ ઓફિસરશ્રી (NCC), ૩૦-ગુજરાત બટાલીયન, પંચમહાલ ગોધરા.**
**(૪) આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, છબનપુર (ન) ગોધરા જિ.પંચમહાલ**
**(૫) આચાર્યશ્રી સરકારી પોલીટિકનીક કોલેજ, ગદુકપુર ગોધરા જિ.પંચમહાલ**
**(૬) આચાર્યશ્રી, ગાંધી સ્પેશીયલ, બહેરા મુંગા વિદ્યાલય ગોધરા. જિ.પંચમહાલ**
**(૭) જિલ્લા કો-ઓર્ડીનેટરશ્રી, નહેરૂ યુવા કેન્દ્ર, ગોધરા જિ.પંચમહાલ**
**(૮) જિલ્લા કો-ઓર્ડીનેટરશ્રી NSS પંચમહાલ ગોધરા જિ.પંચમહાલ**

Shri Govind Guru University
GODHRA
Inward No. : 3451
Date : 19-1-2021
Branch :

**વિષયઃ-રાષ્ટ્રિય મતદાતા દિવસ-૨૦૨૧**

- રાષ્ટ્રિય મતદાતા દિવસ,૨૦૨૧ની ઉજવણી બાબત.

સંદર્ભઃ-(૧) ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હીના તા.૦૬/૦૧/૨૦૨૧ના
- પત્ર ક્રમાંકઃNo.491/ECI/LET/FUNC/SVEEP-1/NVD/2020

(૨) અધિક મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી ચૂંટણી પ્રભાગ ગાંધીનગરના
- તા.૦૮/૦૧/૨૦૨૧ પત્ર ક્રમાંકઃઇએલસી-૧૦૨૦૨૦-૫૧૩-છ(SVEEP)

જયભારત સહ ઉપરોક્ત વિષયના સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, તારીખઃ ૨૫મી જાન્યુઆરીને ચૂંટણી પંચના સ્થપના દિન **''રાષ્ટ્રિય મતદાતા દિવસ''** તરીકે જાહેર કરેલ છે. આ વર્ષે **૧૧માં** રાષ્ટ્રિય મતદાતા દિવસ-૨૦૨૧ની ઉજવણી તારીખઃ-૨૫/૦૧/૨૦૨૧ના રોજ કરવામાં આવનાર છે. જે અંગે સંદર્ભ પત્રોથી વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે.

ભારતના ચૂંટણી પંચ નવી દિલ્હી ધ્વારા **૧૧-માં રાષ્ટ્રિય મતદાતા દિવસ** માટે ખાસ કરીને કોરોના મહામારી દરમ્યાન આયોગ દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ ટેકનોલોજીકલ પહેલ **"Technological Initiatives"**ના પ્રચાર-પ્રસાર પર ભાર મુકવા જણાવેલ છે.

રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણીને ધ્યાને લેતાં મતદાર સાક્ષરતા કલબો, શૈક્ષણિક સંસ્થાઓમાં અને ચુનાવ પાઠશાળાઓ, વોટર અવેરનેશ ફોરમ (VAF), મતદાન મથક કક્ષાની પ્રવૃત્તિઓની મુખ્ય ભુમિકા રહેશે. ઉક્ત કાર્યક્રમમાં આપની સંસ્થામાં ૨૫ મી જાન્યુઆરી ૨૦૨૧ના ૧૧-માં રાષ્ટ્રિય મતદાતા દિવસની ઉજવણી દરમ્યાન ચૂંટણી પંચથી Virtual કાર્યક્રમનું આયોજન કરવા સુચના થયેલ છે. જેમાં આપની કચેરી/સંસ્થાના તમામ કર્મચારીઓ/વિદ્યાર્થીઓ વધુમાં વધુ ઓનલાઇન પ્રક્રિયાથી ભાગ લે તે રીતનું આયોજન કરવાનું રહેશે.

**વધુમાં ૨૫મી જાન્યુઆરી -૨૦૨૧ના ૧૧-માં રાષ્ટ્રિય મતદાતા દિવસ માટેના Virtual કાર્યક્રમ અંગેનો સમય તથા લીંક અત્રેથી આપને ઇલાયદી પુરી પાડવામાં આવશે. જે લીંક તથા સમયની તમામને જાણ કરવા તથા વધુમાં વધુ લોકો ઓનલાઇન પ્રક્રિયાથી ઉક્ત કાર્યક્રમમાં ભાગ લે તે રીતનું આયોજન કરવા વિનંતી છે.**

**નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી**
**પંચમહાલ ગોધરા**

**નકલ સવિનય રવાનાઃ-** પી.એ. ટુ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, પંચમહાલ ગોધરા તરફ જાણ સારૂ.